# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પાદરા પાસેના ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મોડીરાત સુધી બચાવ અને રાહત કામગીરી ચાલી - વધુ ત્રણ મૃતદેહો મળતા મૃત્યુઆંક 12 થયો.**
2. **પોલીસ દ્વારા મેડિકલ સ્ટોરમાં ચાલેલા મેગા સર્ચ ઓપરેશન દરમિયાન અમદાવાદમાં 235 કેસ નોંધાયા.**
3. **નર્મદાના વિશ્વ પ્રસિધ્ધ પર્યટ ન સ્થળ સ્ટેચ્યુ ઓફ યૂનિટિ ખાતે આજે દેશભરની સેન્ટ્રલ યુનિવર્સિટીઓના કુલપતિઓ નું રાષ્ટ્રીય સંમેલન યોજાશે.**
4. **રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યુ - છેલ્લા 24 કલાકમાં 54 તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ - દક્ષિણ ગુજરાતના કેટલાંક ભાગોમાં વરસાદની આગાહી.**
5. **ગુરૂ વંદના અને ગુરૂપૂજનના પાવન પર્વ ગુરૂપૂર્ણિમા નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો - પોરબંદર ખાતે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે એવોર્ડ એનાયત કરાયા.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# BRIDGE COLLAPS UPDATE

વડોદરામાં પાદરાના મૂજપુર ખાતે ગંભીરા બ્રિજનો એક ભાગ તૂટી પડવાની દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 12 થયો છે. મોડી રાતે બચાવ કામગીરી દરમ્યાન ટ્રકને ખસેડતા તેમાંથી ત્રણ વ્યક્તિના મૃતદેહો મળી આવ્યા હતા.જેમાં બે વ્યક્તિની ઓળખ સ્થાપિત થઈ શકી છે. મૃતદેહનું પાદરા સ્થિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબી પરીક્ષણ કરી તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. આ ઘટનામાં બચાવ કામગીરી સતત ચાલી રહી છે.

જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ બચાવ કામગીરીનું સતત નિરીક્ષણ કરી રહ્યા છે.પૂનમના કારણે મહી નદીમાં જળ પ્રવાહ વધે તે પહેલાં શક્ય તમામ કામગીરી કરવા તંત્ર તનતોડ મહેનત કરી રહ્યું છે. દરમિયાન ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં બ્રિજ દુર્ઘટના અંગે મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા હતા. બચાવ કામગીરી અંગે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ આ માહિતી આપી.

**બાઇટ- ચૈતન્યસિંહ ઝાલા, ધારાસભ્ય , પાદરા**

---

# AHMEDABAD POLICE CHECKING

અમદાવાદ શહેરમાં મેડીકલ સ્ટોર ઉપર થતા નશાકારક દવાઓના દુરુપયોગ અને ગેરકાયદેસર વેચાણને રોકવા અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા ગઇકાલે

હાથ ધરાયેલા   મેગા સર્ચ ઓપરેશનમાં 235 કેસ કરાયા હોવાનું પોલીસ દ્વારા જણાવાયું હતું. આ તમામ કેસમાં 54 આરોપીઓ સામે કેસ નોંધાવામાં આવ્યાં હતા.

આ તપાસ દરમિયાન જુવેનાઇલ જસ્ટીસના 53, સિગારેટસ અને અન્ય ટોબેકો પ્રોડક્ટસના 178, એનડીપીએસ બે અને ઇ-સિગારેટના બે કેસ નોંધાયા હતા..

અમદાવાદની સાથેસાથે અમરેલીમાં 350 અને સુરેન્દ્રનગરમાં 90 મેડિકલ સ્ટોરનું ચેકિંગ હાથ ધરાયું હતું.

---

## NARMADA SUMMIT

નર્મદાના કેવડિયામાં આજથી કેન્દ્રીય વિશ્વ-વિદ્યાલયોના કુલપતિઓનું બે દિવસનું સંમેલન યોજાશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના પાંચ વર્ષના અમલીકરણ અંતર્ગત યોજાનારું આ સંમેલન કુલપતિઓને સંસ્થાકીય વિકાસની સમીક્ષા કરવા અને સામૂહિક રીતે આગળની વ્યૂહરચના નક્કી કરવા એકસાથે લાવશે. સાંભળીએ એક અહેવાલ..

## વોઇસ કાસ્ટ : ચૈતાલી જોશી

બે દિવસના આ સંમેલનમાં ત્રણ મુખ્ય ક્ષેત્રો વ્યૂહાત્મક સંરેખણ , જ્ઞાન વિનિમય અને ભવિષ્યનું આયોજન અને તૈયારીને આવરી લેવાશે. દરમિયાન દસ વિષયના સત્રો દ્વારા ઉચ્ચ શિક્ષણના મુખ્ય પાસાઓ જેવા કે શીખવવું અને શીખવું, સંશોધન અને શાસન - પર ચર્ચા કરાશે , જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ **2020**ના મુખ્ય સ્તંભો સમાનતા , જવાબદારી, ગુણવત્તા, સુલભતા અને પોષણક્ષમતા સાથે

<u>સુસંગત હશે. સંમેલનમાં દિલ્હી અને હરિયાણા વિશ્વ-વિદ્યાલય સહિતની અનેક સંસ્થાઓ જોડાશે.</u>

<u>ચૈતાલી જોશી આકાશવાણી સમાચાર અમદાવાદ</u>

---

# AMC- MEETING ON DEVELOPMENT WORK

**અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2023-24થી વર્ષ 2025-2026ના અંદાજપત્રમાં દર્શાવેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરાઇ હતી. મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ 2025-26 માટે 15 હજાર 502 કરોડ રૂપિયાના બજેટને મંજૂરી આપી છે, જેમાં વિકાસ કાર્યો માટે 8 હજાર 828 કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દયાણીએ રસ્તા , ગટર અને પાણી સહિતની સેવાઓ સમયસર પહોંચાડવા પર ભાર મૂક્યો હતો.**

## બાઈટ - દેવાંગ દાણી

---

# RAIN – WEATHER

**રાજ્યમાં ગઇકાલે સાંજે 6 વાગ્યાથી આજે સવારે 4 વાગ્યા સુધીમાં 54 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ નવસારીના ખેરગામમાં 2 ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત વલસાડના ધરમપુરમાં 1.77 અને નવસારીના વાંસદામાં 1.38 ઇંચ વરસાદ વરસ્યો હતો.**

દરમ્યાન હવામાન વિભાગે આગામી 7 દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં આજે છૂટોછવાયા વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક એ.કે દાસે જણાવ્યું કે, આજે તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં પણ છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યેલો એલર્ટ અપાયુ છે. અમદાવાદમાં પણ આજે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે.

## બાઈટ એ.કે. દાસ

---

## AMIT SHAH SAHKAR SAMVAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઇકાલે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની માતાઓ, બહેનો અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા અન્ય કાર્યકરો સાથે સંવાદ કર્યો.

'સહકાર સંવાદ'માં ભાગ લેનારના પ્રશ્નના જવાબમાં , શ્રી શાહે કહ્યું 'હર ઘર નલ' યોજનાની જાળવણી પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહાકારી મંડળીઓ- **PACS** કરી શકે છે. લગભગ 25 જેટલા નાના વ્યવસાય **PACS** કરી શકે છે.

## બાઇટ: અમિત શાહ - કેન્દ્રીય સહકાર મંત્રી

---

# GURU PURNIMA

આજે અષાઢ સુદ પૂનમ એટલે ગુરૂપૂર્ણિમાનું પાવન પર્વ આજનો દિવસે ગૂરૂઓનું પૂજન અર્ચન અને તેમનું ઋણ ચૂકવવાનો દિવસ છે. ત્યારે આજે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. ગુરૂવંદના, ગુરૂપૂજન અને મહાઆરતી દ્વારા આજનો દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આજના આ દિવસે અમદાવાદ સહિત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જેમાં બ્રહ્માકુમારીના ગુજરાત ઝોન મુખ્યાલય ખાતે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામા આવી રહી છે. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ગુજરાતના મુખ્યાલય કાંકરિયા સેવાકેન્દ્ર ઉપર વહેલી સવારથી આધ્યાત્મિક સત્સંગ તથા મહાભોગ યોજાઇ રહ્યો છે..

જ્યારે ગુરૂપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ પોરબંદર ખાતે સાંદીપનિમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની ખાસ ઉપસ્થિતિમાં ગુરુ ગૌરવ એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં 5 વિશિષ્ટ વ્યક્તિઓને ભાગવત કથાકાર રમેશભાઇ ઓઝાની પ્રેરણાથી એવોર્ડ આપીને સન્માનિત કરાયા હતા.

જેમા ભગુભાઈ નાગરજી દરજી નવસારીના અજરાઇ વાળાને લાઈફટાઇમ એચીવમેન્ટ અવોર્ડથી, મહેન્દ્રસિંહ પરમાર-ભાવનગર વાળાને શ્રેષ્ઠ ગુરુ ગૌરવ એવોર્ડથી તથા મૈત્રી વિદ્યાપીઠ-સુરેન્દ્રનગરનું ઉત્તમ વિદ્યામંદિર એવોર્ડથી ભાવપૂજન કરવામાં આવ્યું હતું. આ સિવાય આ વર્ષે સંસ્કૃત ભાષાના ક્ષેત્રમાં ઉત્તમ કાર્ય કરનારા શાસ્ત્રી ચંદ્રકાંત ભટ્ટનું તેમજ પ્રાથમિક શિક્ષણમાં વિશેષ યોગદાન આપનારા હિરેન ભટ્ટનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ તમામ જીલ્લામાંથી એક શિક્ષક એમ 34 જેટલા શિક્ષકોનું ગુરુ ગૌરવ એવોર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# CRICKET-IND ENG

ક્રિકેટમાં, ભારત અને યજમાન ઇંગ્લેન્ડ આજે લોર્ડ્સ ખાતે પાંચ મેચની એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણીની ત્રીજી ટેસ્ટમાં ટકરાશે.

બર્મિંઘમ ખાતેની બીજી ટેસ્ટમાં ભારતની 336 રનની શાનદાર જીત બાદ શ્રેણી હાલમાં 1-1થી બરાબરી પર છે. ભારતની જીતમાં આકાશદીપની 10 વિકેટ અને શુભમન ગિલની 430 રનની નોંધપાત્ર ઇનિંગનું મોટું યોગદાન હતું. ગિલે ટેસ્ટ ક્રિકેટનાં ઇતિહાસમાં બીજા ક્રમનો સૌથી વધુ વ્યક્તિગત સ્કોર નોંધાવ્યો હતો. લીડ્સમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ઇંગ્લેન્ડનો વિજય થયો હતો.

---

# DEMU TRAIN CANCLE

રેલવે દ્વારા આજે અને આવતીકાલે વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે.આ ટ્રેનો ટેકનિકલ કારણોસર રદ કરાઇ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

મુસાફરોને આ ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે તે પહેલા ટ્રેનોના સંચાલનની નવીનતમ માહિતી માટે રેલવેની વેબસાઇટ જોવા જણાવાયું છે.

---